મેસીની હેટ્રિકથી આર્જેન્ટીનાએ અલ્જીરિયાને હરાવ્યું

વિક્રમી છઠ્ઠા વર્લ્ડકપમાં હેટ્રિક ગોલની સાથે મેસીએ ઘણી સિદ્ધિઓ અંકે કરી

વર્લ્ડકપમાં સર્વાધિક ગોલની બરાબરી, સૌથી વધુ વયે વર્લ્ડકપ હેટ્રિક, ગોલમાં સર્વાધિક યોગદાનમાં પેલેનો રેકોર્ડ તોડ્યો

ફિફા વર્લ્ડકપમાં સૌથી વધુ વયે હેટ્રિક ગોલ કરનારા ખેલાડી

ખેલાડી	દેશ	વય	હરીફ ટીમ	વર્ષ
લિયોનલ મેસી	આર્જેન્ટીના	38 વર્ષ 357 દિવસ	અલ્જીરીયા	2026
ક્રિસ્ટીયાનો રોનાલ્ડો	પોર્ટુગલ	33 વર્ષ 130 દિવસ	સ્પેન	2018
રોબ રેન્સેનબ્રિંક	નેધરલેન્ડ	30 વર્ષ 335 દિવસ	ઇરાન	1978
પેડ્રો સિઆ	ઉરુગ્વે	29 વર્ષ 329 દિવસ	યુગોસ્લાવિયા	1930

કેન્સાસ સિટી : લિયોનેલ મેસ્સીએ બુધવારે અલ્જેરિયા સામે આર્જેન્ટિનાની ટુર્નામેન્ટ ઓપનર મેચ દરમિયાન ફિફા વર્લ્ડકપમાં પોતાની પહેલી હેટ્રિક ફટકારીને બતાવ્યું કે તે શા માટે વિશ્વનો શ્રેષ્ઠ ખેલાડી છે. છઠ્ઠો વર્લ્ડકપ રમનારો પહેલો ખેલાડી બનવાની સાથે તેણે ઘણી સિદ્ધિઓ મેળવી.

આ તેની કેરિયરની 61મી હેટ્રિક હતી અને આર્જેન્ટિના તરફથી રમતી વખતે તેની 11મી હેટ્રિક હતી.

ટુર્નામેન્ટના ઇતિહાસમાં સંયુક્ત રીતે સૌથી વધુ ગોલ કરવા મામલે તેણે જર્મનીના મિરોસ્લાવ ક્લોઝના રેકોર્ડની બરાબરી કરે છે. મેસી વર્લ્ડકપ મેચમાં બહુવિધ ગોલ કરવાનો રોજર મિલાનો રેકોર્ડ તોડી સૌથી વધુ વય ધરાવતો ખેલાડી બનવાની સાથે રોનાલ્ડોનો રેકોર્ડ તોડીને હેટ્રિક ફટકારનાર સૌથી મોટી ઉમરનો ખેલાડી પણ બન્યો છે. આ રેકોર્ડ્સ સાથે ટુર્નામેન્ટના ઇતિહાસમાં સૌથી વધુ ગોલ યોગદાન આપવાનો બ્રાઝિલના દિગ્ગજ પેલેનો લાંબા સમયથી ચાલતો રેકોર્ડ પણ તોડી નાખ્યો.

પેલે 13 ગોલ, આઠ આસિસ્ટ સાથે 21 યોગદાનનો રેકોર્ડ ધરાવતા હતા અને મેસીએ ત્રણ ગોલ કર્યા પછી તેમને પાછળ છોડ્યા હતા. અને તેની પાસે હવે 24 યોગદાન 16 ગોલ અને આઠ આસિસ્ટ સાથે કુલ 24 યોગદાન છે.

ફિફા વર્લ્ડકપ ઇતિહાસમાં સૌથી વધુ ગોલ

ખેલાડી	દેશ	ગોલ
મીરોસ્લાવ ક્લોઝ	જર્મની	16
લિયોનેલ મેસી	આર્જેન્ટિના	16
રોનાલ્ડો	બ્રાઝિલ	15
જેર્ડ મુલર	જર્મની	14
કિલિયન એમબાપ્પે	ફ્રાન્સ	14

ફિફા વર્લ્ડકપમાં પોતાની પહેલી હેટ્રિક ફટકારનાર મેસીનો એક ગોલ તે પછી ઓફસાઇડ ગણાયો અને બીજો ક્રોસબારમાં વાગ્યો

વિક્રમી છઠ્ઠો વર્લ્ડકપ રમનારો પહેલો ખેલાડી બનવા સાથે મેસીએ વર્લ્ડકપમાં સતત પાંચમી મેચમાં ગોલ કર્યો

કેન્સાસ સિટી, તા. 17 (એપી) : ફિફા વર્લ્ડકપમાં આજે અહીં અલ્જીરિયા સામે ગ્રુપ સ્ટેજની મેચમાં રમવા ઉતરીને વિક્રમી છઠ્ઠો વર્લ્ડકપ રમનારો પહેલો ખેલાડી બનનારા લિયોનેલ મેસીએ પોતાની પહેલી વર્લ્ડકપ હેટ્રિક સાથે જર્મનીના મિરોસ્લાવ ક્લોઝના 16 ગોલના રેકોર્ડની બરાબરી કરી હતી અને તેના કારણે ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ અલ્જીરિયાને 3-0થી હરાવ્યું હતું. મેસીએ શરૂઆતની મિનિટોમાં ઈન્ટર મિયામી ટીમના સાથી રોડ્રિગો ડી પોલના પાસ વડે પહેલો ગોલ કર્યો. તેણે બીજા હાફની શરૂઆતમાં બીજો અને અંતિમ મિનિટોમાં ત્રીજો ગોલ કર્યો, જેનાથી પ્રેક્ષકોએ ઉભા થઈને તાળીઓ પાડી. મેસ્સીએ આર્જેન્ટિના માટે સર્બિયા અને મોન્ટેનેગ્રો સામે વર્લ્ડકપમાં ડેબ્યૂ કર્યાના 20 વર્ષ પછી હેટ્રિક ફટકારી હતી. આ સાથે જ મેસીએ વર્લ્ડકપમાં સતત પાંચમી મેચમાં ગોલ કર્યો છે.

આવતા અઠવાડિયે 39 વર્ષનો થનારો આઠ વખતના બેલોન ડી'ઓર વિજેતા મેસીને ટુર્નામેન્ટ પહેલા જાંઘના સ્નાયુમાં થયેલી ઈજાથી કોઈ વાંધો જણાયો નહોતો. તે વધુ ગોલ કરી શક્યો હોત પરંતુ એક ગોલ ઓફસાઈડ ગણી નકારાયો જ્યારે બીજો ક્રોસબારમાં વાગ્યો. અલ્જેરિયા સામેની મેચ મેસીની 200મી ઈન્ટરનેશનલ મેચ પણ હતી. તેણે 2005માં 18 વર્ષની ઉંમરે ઈન્ટરનેશનલ ડેબ્યુ કર્યું હતું. ફક્ત પોર્ટુગલના ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને કુવૈતના બદર અલ મુતાવાએ જ તેના કરતા વધુ મેચ રમી છે. રોનાલ્ડો બુધવારે તેની 229મી મેચ રમશે, જ્યારે અલ મુતાવાના 202 મેચ છે. આર્જેન્ટિના હવે સોમવારે ઓસ્ટ્રિયા અને 27 જૂને જોર્ડન સામે ટકરાશે. અલ્જેરિયા સોમવારે જોર્ડન અને 27 જૂને ઓસ્ટ્રિયા સામે ટકરાશે.

કિલિયન એમબાપ્પેના બે ગોલથી ફ્રાન્સે સેનેગલને 3-1થી હરાવ્યું

એમ્બાપ્પેએ ફ્રાન્સ વતી સર્વાધિક ઇન્ટરનેશનલ ગોલ કરવા મામલે ઓલિવર ગિરોડનો રેકોર્ડ તોડ્યો

ઈસ્ટ રધરફોર્ડ તા. 17 : ફિફા વર્લ્ડકપની પોતાની પ્રથમ મેચના પ્રથમ હાફમાં નબળા પ્રદર્શન બાદ, કિલિયન એમબાપ્પેએ શાનદાર વાપસી કરીને ફ્રાન્સને જીત અપાવી હતી. એમબાપ્પેએ મેચમાં બે ગોલ કરીને પેલેના 14 વર્લ્ડકપ ગોલના રેકોર્ડને વટાવી દીધો હતો. આ સાથે ફ્રાન્સે સેનેગલને 3-1થી પરાજય આપ્યો હતો.

મેચના પ્રથમ હાફમાં એમબાપ્પે માત્ર 14 વખત જ બોલને અડી શક્યો હતો, જે કોઈપણ ખેલાડીમાં સૌથી ઓછો આંકડો હતો. જોકે, 66મી મિનિટે તેણે ફ્રાન્સને સરસાઇ અપાવી હતી. મેચની 82મી મિનિટે, મેદાનમાં આવ્યાની માત્ર બે જ મિનિટમાં બ્રેડલી બારકોલાએ ફ્રાન્સની સરસાઇ બમણી કરી દીધી હતી. ત્યારબાદ ઈન્જરી ટાઇમની પાંચમી મિનિટે સેનેગલના ઈબ્રાહિમ મ્બાયેએ એક ગોલ કરીને સ્કોર 2-1 કર્યો હતો. પરંતુ તેની માત્ર 68 સેકન્ડ પછી, એમબાપ્પેએ 30 યાર્ડના અંતરેથી જમણા પગે એક અદભુત ગોલ કરીને ફ્રાન્સને 3-1થી જીત અપાવી દીધી. આ સાથે જ એમબાપ્પે 58 ગોલ સાથે ફ્રાન્સ તરફથી સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બની ગયો છે, તેણે ઓલિવિયર ગીરોડનો રેકોર્ડ તોડ્યો છે.

સેનેગલના ચાહકોને વિઝા ન મળતા તેમના સમર્થકોની હાજરી ઘણી ઓછી દેખાઇ

અમેરિકા સરકાર દ્વારા સેનેગલના ચાહકોને વિઝા ન મળવાને કારણે સ્ટેડિયમમાં સેનેગલના સમર્થકો ખૂબ જ ઓછા દેખાયા હતા. સ્ટેડિયમમાં ૮૦,૫૪૫ દર્શકો હાજર હતા અને સ્ટેડિયમ લગભગ આખું ભરાયેલું હતું. મેચ શરૂ થવાના બે કલાક પહેલા ફીફાની રિસેલ સાઇટ પર ટિકિટના ભાવ ઘટીને $૬૯ સુધી પહોંચી ગયા હતા, જે અગાઉ ડિસેમ્બરમાં $૨૨૦ થી $૬૨૦ ની વચ્ચે વેચાઈ હતી.

ફ્રાન્સના એમ્બાપ્પેએ 14 વર્લ્ડકપ ગોલ સાથે પેલેને પાછળ છોડી દીધા

ઈસ્ટ રૂથરફોર્ડ, તા. 17 : ફ્રાન્સના કિલિયન એમ્બાપ્પેએ સર્વકાલીન ટોચના વર્લ્ડકપ ગોલ કરનાર ખેલાડીઓની યાદીમાં બ્રાઝિલના ફૂટબોલ દિગ્ગજ પેલેને પાછળ છોડી દીધા છે. ફ્રાન્સની સેનેગલ સામેની વર્લ્ડકપ મેચમાં એમબાપ્પેએ બે ગોલ કર્યા, જેનાથી તેની ટીમ ૩-૧થી જીતવામાં મદદ મળી. તેણે ફ્રાન્સ માટે ઓલિવિયર ગિરોડનો 58 ગોલનો ફ્રેન્ચ રેકોર્ડ પણ તોડ્યો. પોતાનો ત્રીજો વર્લ્ડકપ રમી રહેલા એમ્બાપ્પેએ પેલે અને ફ્રાન્સના જસ્ટ ફ્રોન્ટેનને વર્લ્ડકપમાં સર્વાધિક ગોલ મામલે છોડી દીધા છે. તે જર્મનીના ગેર્ડ મુલર સાથે ત્રીજા સ્થાને છે, જે બ્રાઝિલના રોનાલ્ડો કરતા એક ગોલ પાછળ છે. દરમિયાન, આર્જેન્ટિનાના લિયોનેલ મેસી સૌથી વધુ 16 ગોલ સાથે સંયુક્ત પહેલા સ્થાને છે.

વર્લ્ડકપ ડેબ્યૂમાં હાલેન્ડના બે ગોલ નોર્વેએ ઈરાકને 4-1થી હરાવ્યું

અર્લિંગ હાલેન્ડે બે ગોલ કરવાની સાથે જ એક ગોલમાં સહાયકની ભૂમિકા ભજવી

1986માં ડેબ્યુ પછી માત્ર બીજીવાર વર્લ્ડકપ રમી રહેલી ઇરાકની ટીમે પણ સારી રમત દાખવી

ફોક્સબરો, તા. 17 : ફિફા વર્લ્ડકપમાં મંગળવારે રમાયેલી ગ્રુપ-આઈની મેચમાં અર્લિંગ હાલેન્ડે તેના ટૂર્નામેન્ટના ડેબ્યૂમાં જ ડિફેન્સની ભૂલનો ફાયદો ઉઠાવીને પોતાના પ્રથમ બે વર્લ્ડકપ ગોલ કરીને એક ગોલ કરવામાં મદદ પણ કરી હતી. તેના આ શાનદાર પ્રદર્શનને કારણે નોર્વેએ ઈરાક સામે 4-1થી વિજય મેળવ્યો હતો.

માન્ચેસ્ટર સિટીના આ સ્ટ્રાઈકરના હવે 57 ઈન્ટરનેશનલ ગોલ થઈ ગયા છે. 1998માં ફ્રાન્સમાં રમાયેલા વર્લ્ડકપમાં રાઉન્ડ ઓફ 16 સુધી પહોંચ્યા બાદ આ ટૂર્નામેન્ટમાં નોર્વેની આ પ્રથમ ઉપસ્થિતિ છે. ખાસ વાત એ છે કે નોર્વે જ્યારે છેલ્લે વર્લ્ડકપ રમ્યું તેના બે વર્ષ પછી હાલેન્ડનો જન્મ થયો હતો.

મેચની 76મી મિનિટે માર્ટિન ઓડેગાર્ડની કોર્નર કિક પરથી લીઓ ઓસ્ટીગાર્ડે ટીમ વતી ત્રીજો ગોલ કર્યો હતો. ત્યારબાદ મેચ પૂરી થવાની અંતિમ ક્ષણોમાં હાલેન્ડના પાસ પરથી ક્રિસ્ટિયન થોર્સ્ટવેડે ચોથો અને અંતિમ ગોલ નોંધાવ્યો હતો.

આ પહેલા, હાલેન્ડના પ્રથમ ગોલના માત્ર નવ મિનિટ બાદ આયમેન હુસૈને ગોલ કરીને ઈરાકને મેચમાં બરાબરી પર લાવી દીધું હતું. જો કે, હાફટાઇમ પહેલાં હાલેન્ડે ગોલ કરીને નોર્વેને ફરીથી મજબૂત સ્થિતિમાં લાવી દીધું હતું. 1986માં ડેબ્યૂ કર્યા પછી બીજી જ વાર વર્લ્ડકપ રમી રહેલી ઈરાકની ટીમે પણ સારી રમત દાખવી હતી.

ગિલ-કિશનની સદીની મદદથી અફઘાનિસ્તાનને હરાવી ભારતની અજેય સરસાઇ

શુભમન ગીલ અને ઇશાન કિશનની બેવડી સદીની ભાગીદારીથી ભારતે 402 રન બનાવ્યા

અર્શદીપ, પ્રિન્સ યાદવ અને્ ગુરનૂરની પ્રભાવક બોલિંગથી અફઘાનિસ્તાનનો 232 રનમાં વિંટો વાળ્યો

લખનૌ, તા. 17 : ભારતીય કેપ્ટન શુભમન ગિલે અસહ્ય ગરમી અને સ્નાયુઓના ખેંચાણ સામે ઝઝૂમીને 154 રનની શાનદાર ઈનિંગ જ્યારે બીજી તરફ, પુનરાગમન સીરિઝ રમી રહેલા ઈશાન કિશને આત્મવિશ્વાસ સાથે શાનદાર સદી ફટકારતા બંનેના ઉત્કૃષ્ટ પ્રદર્શનની મદદથી ભારતે બીજી વન-ડેમાં અફઘાનિસ્તાન સામે 170 રનથી ભવ્ય વિજય મેળવીને ત્રણ મેચની સીરિઝમાં 2-0ની અજેય સરસાઈ મેળવી લીધી છે.

બપોરના કાળઝાળ તડકામાં અફઘાનિસ્તાનનો પહેલા બોલિંગ કરવાનો નિર્ણય ઊંધો પડ્યો હતો. ગિલ અને કિશને ત્રીજી વિકેટ માટે માત્ર 141 બોલમાં 224 રનની તોફાની ભાગીદારી કરીને ભારતનો સ્કોર 402 રન સુધી પહોંચાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ પહેલા રોહિત શર્માએ 48 રનની ઈનિંગ રમી હતી. ભારતે છેલ્લી 10 ઓવરમાં 7 વિકેટ ગુમાવી હતી.

અફઘાનિસ્તાન માટે 400થી વધુ રનનો ટાર્ગેટ ચેઝ કરવો ખૂબ મુશ્કેલ હતો અને આખી ટીમ 44.3 ઓવરમાં 232 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. રહમત શાહે 79 રનની લડાયક ઈનિંગ રમી હતી, પરંતુ બાકીના બેટ્સમેનોએ જરૂરી ઝડપથી રન બનાવ્યા નહોતા. ભારત તરફથી અર્શદીપ અને ગુરનૂર બ્રારે ૩-૩ જ્યારે પ્રિન્સ યાદવે બે વિકેટ ઝડપી હતી.

ભારત	રન	બોલ	4	6
જયસ્વાલ કો.ખરોટે બો.સલીમ	4	9	1	0
રોહિત બો.રાશિદ	48	39	6	2
ગીલ કો.રસૂલી બો.ખરોટે	154	110	22	2
કિશન કો.અલિખીલ બો.ખરોટે	125	79	14	7
અય્યર કો.ઇબ્રાહિમ બો.ખરોટે	26	24	1	1
રાહુલ કો.ઇબ્રાહિમ બો.ખરોટે	0	1	0	0
સુંદર કો.ગુરબાઝ બો.રાશિદ	19	19	1	0
ગુરનૂર કો.ઇબ્રાહિમ બો.રાશિદ	3	7	0	0
અર્શદીપ કો.રાશિદ બો.ઘઝનફર	3	4	0	0
કુલદીપ નોટઆઉટ	3	3	0	0
પ્રિન્સ રનઆઉટ	5	5	0	0
વધારાના	12			
કુલ (49.5 ઓવરમાં ઓલઆઉટ)402				

વિકેટપતન : 1-9, 2-96, 3-320, 4-360, 5-360, 6-371, 7-387, 8-392, 9-396, 10-402

બોલિંગ	O	M	R	W
અલી ઘઝનફર	10	1	69	1
મહંમદ સલીમ	8	0	75	1
બિલાલ સામી	8.5	0	90	0
નાન્ગેલિયા ખરોટે	10	0	76	4
રાશિદ ખાન	8	0	48	3
હસમતુલ્લા શાહિદી	5	0	36	0

અફઘાનિસ્તાન	રન	બોલ	4	6
ગુરબાઝ કો.રાહુલ બો.ગુરનૂર	41	33	7	1
ઇબ્રાહિમ કો.પ્રિન્સ બો.અર્શદીપ	21	31	3	0
અટલ :LB બો,સુંદર	42	50	5	1
રહમત કો.ગુરનૂર બો.પ્રિન્સ	79	89	8	0
રસૂલી રિટાયર્ડ હર્ટ	6	6	1	0
શાહિદી બો.ગુરનૂર	4	2	1	0
ખરોટે બો.પ્રિન્સ	6	11	0	0
રાશિદ કો.રોહિત બો.અર્શદીપ	12	12	2	0
ઘઝનફર કો.અય્યર બો.અર્શદીપ	1	2	0	0
સલીમ બો.ગુરનૂર	9	19	2	0
બિલાલ નોટઆઉટ	2	14	0	0
વધારાના	9			
કુલ (44.3 ઓવરમાં ઓલઆઉટ)232				

વિકેટપતન : 1-52, 2-71, 3-128, 3-136*, 4-140, 5-170, 6-188, 7-190, 8-220, 9-232

બોલિંગ	O	M	R	W
અર્શદીપ સિંહ	9	0	45	3
પ્રિન્સ યાદવ	7.3	0	56	2
ગુરનૂર બ્રાર	10	0	60	3
કુલદીપ યાદવ	10	0	42	0
વોશિંગ્ટન સુંદર	7	0	24	1
યશસ્વી જયસ્વાલ	1	0	3	0

વન ડે ઇતિહાસમાં સર્વાધિક વાર 400+ રન મામલે ભારત-દક્ષિણ આફ્રિકા બરાબરીએ

અફઘાનિસ્તાન સામેની આજે રમાયેલી વન ડેમાં 400 રનનો આંકડો પાર કરીને, ભારત વન ડે ક્રિકેટ ઇતિહાસમાં સૌથી વધુ વખત 400થી વધુ રન બનાવવા મામલે સંયુક્ત રીતે દક્ષિણ આફ્રકિકા સાથે પહેલા ક્રમે છે. આ બંનેએ આઠ-આઠ વાર 400+ રન બનાવ્યા છે, જ્યારે ઈંગ્લેન્ડ સાત વાર અને ઓસ્ટ્રેલિયા ત્રણ વાર આમ કરી શક્યુ છે.

વન ડેમાં સર્વાધિકવાર 400+ રન કરનારી ટીમો

ભારત	08
દક્ષિણ આફ્રિકા	08
ઇંગ્લેન્ડ	07
ઓસ્ટ્રેલિયા	03

ત્રિકોણીય સીરિઝ : અફઘાનિસ્તાન-Aને હરાવી ભારત-A ફાઇનલમાં

ભારત-A ટીમે 319 રન બનાવ્યા પછી અફઘાનિસ્તાન-Aનો 218 રનમાં વિંટો વાળ્યો

દામ્બુલા, તા. 17 : અહીં રમાઇ રહેલી ત્રિકોણીય સીરિઝની પાંચમી મેચમાં આજે બુધવારે અફઘાનિસ્તાન-Aને 101 રનથી હરાવીને ભારત A ટીમે ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

જ્યાં અફઘાનિસ્તાન A ટીમે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધા પછી પ્રથમ બેટિંગ કરતા, ભારતે 50 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 319 રન બનાવ્યા. જવાબમાં, અફઘાનિસ્તાન 36.5 ઓવરમાં 218 રનમાં ઓલઆઉટ થતા મેચ હારી ગયું. ભારતની શરૂઆત સારી રહી, અને વૈભવ સૂર્યવંશીએ આઠ ઓવરમાં પ્રિયાંશ આર્ય સાથે 75 રનની ઓપનિંગ ભાગીદારી કરી. જો કે તે 28 બોલમાં 38 રન કરીને આઉટ થયો હતો. પ્રિયાંશ, કેપ્ટન તિલક વર્મા અને કુમાર કુશાગ્રે શાનદાર અડધી સદી ફટકારીને ટીમને મજબૂત સ્કોર સુધી પહોંચાડી.

૩૨૦ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી અફઘાનિસ્તાનની શરૂઆત સારી રહી, પરંતુ ઓપનર હસન ઇસાખિલ ત્રીજી ઓવરમાં આઉટ થયો પછી બીજી બે વિકેટ પડી હતી. શિનોઝાદા અને બહિરે ચોથી વિકેટ માટે 87 રન ઉમેરીને અફઘાનિસ્તાનની ઈનિંગને સ્થિર કરી, પરંતુ બંને એક પછી એક આઉટ થયા પછી તેમનું પતન થયું હતું. નિશાંત સિંધુએ ચાર, યશ ઠાકુરે બે તેમજ અંશુલ કંબોજ, વિપરાજ નિગમ, સૂર્યાંશ શેડગે અને અનુકુલ રોયે એક-એક વિકેટ લીધી.

સુડોકુ ૩૫૫૨ - 'ક્લ્યુ'

		૭	૧	૩	૨		૮	૪
						૨		
૩			૪	૮				
૯	૩		૮	૬	૭	૧		
૪	૬	૨		૧	૯			૮
					૩	૯	૫	
		૯		૨			૬	
	૧			૫		૩	૨	૭
૨					૧	૮		૫

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ-૩૫૫૨ ઉકેલ

૬	૯	૭	૧	૩	૨	૫	૮	૪
૫	૮	૪	૭	૯	૬	૨	૧	૩
૩	૨	૧	૪	૮	૫	૬	૭	૯
૯	૩	૫	૮	૬	૭	૧	૪	૨
૪	૬	૨	૫	૧	૯	૭	૩	૮
૧	૭	૮	૨	૪	૩	૯	૫	૬
૭	૫	૯	૩	૨	૮	૪	૬	૧
૮	૧	૬	૯	૫	૪	૩	૨	૭
૨	૪	૩	૬	૭	૧	૮	૯	૫

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

પાઠુ- ગૂમડું

કરિયાતું, હરડાં, બહેડાં, આમળા સરખા ભાગે લઈ ચવકુટ કરી ભરી લો. તેમાંથી 20g ચૂર્ણ 400 મીલી પાણીમાં ઉકાળી, 100 મીલી રહે ત્યારે ગાળી બે ભાગ કરી, સવારે અને સાંજે પીવું.

અનુસંધાન... પાના પહેલાનું

મોદીએ ટ્રમ્પ સમક્ષ...

સંકટને સમાપ્ત કરવા માટે પ્રમુખ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી. ભારત જી૭ સંમેલનમાં એક 'અતિથિ દેશ' તરીકે આમંત્રિત હતો. આ જૂથમાં કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, જાપાન, યુનાઇટેડ કિંગડમ, અમેરિકા અને યુરોપિયન યુનિયન સામેલ છે, જે વૈશ્વિક આર્થિક અને ભૌગોલિક પડકારો પર ચર્ચા કરે છે.

ઉદ્ધવ ઠાકરેની...

ફેંક્યો હતો કે જો તેઓ પક્ષ છોડવા માગતા હોય તો પહેલા સાંસદ પદેથી રાજીનામું આપે કારણ કે તેઓ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં 'મશાલ' ચિહ્ન પર ચૂંટાયા છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન રાઉત ભારે ગુસ્સામાં જોવા મળ્યા હતા અને તેમણે બાગી સાંસદો વિરુદ્ધ અપશબ્દોનો પણ ઉપયોગ કર્યો હતો, જોકે બાદમાં તેમણે સફાઈ આપી હતી કે મરાઠીમાં આવા શબ્દો સામાન્ય છે. શિવસેનામાં 4 વર્ષમાં આ બીજી મોટી તૂટ છે, આ પહેલાં જૂન 2022માં એકનાથ શિંદે 39 ધારાસભ્યો સાથે અલગ થયા હતા. બીજી તરફ, મહારાષ્ટ્રના મંત્રી ચંદ્રશેખર બાવનકુળેએ ભાજપ પર લાગેલા તમામ આરોપોને ફગાવી દેતા આને ઉદ્ધવ ઠાકરેની પાર્ટીની આંતરિક બાબત ગણાવી છે.

વેબસાઇટ પર...

તરીકે દર્શાવવામાં આવ્યું નથી. આ વેબ પેજ છેલ્લે માર્ચ મહિનામાં અપડેટ કરવામાં આવ્યું હતું. જોકે ભારત હંમેશાં એ વાત પર અડગ રહ્યું છે કે 1947માં જમ્મુ-કાશ્મીરના 'સંપૂર્ણ, કાયદેસર અને અફર જોડાણ' ના આધારે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશો ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો છે. કોંગ્રેસે આ નકશા વિવાદ અંગે ભાજપ સરકારની ટીકા કરી છે. કોંગ્રેસના મીડિયા અને પબ્લિસિટી વિભાગના વડા પવન ખેડાએ કહ્યું કે, 'મોદીજીના મિત્રોની ભારત અને ભારતના હિતો વિરુદ્ધ કામ કરવાની એક વિચિત્ર આદત છે. તાજેતરનું ઉદાહરણ યુએસ પેસિફિક કમાન્ડે વાપરેલો ભારતનો ખોટો નકશો છે, જેમાં જમ્મુ-કાશ્મીરને બાકાત રાખીને પીઓકેને પાકિસ્તાનનો પ્રદેશ દર્શાવવામાં આવ્યો છે. જ્યારે દેશના વડાપ્રધાને દેશને આવા શોષણયુક્ત સંબંધોમાં ધકેલી દીધો હોય, ત્યારે કોઈ પણ દેશને દુશ્મનોની શું જરૂર છે?'

૧૫ જુલાઈથી...

વેગ આપશે. તે ભારતીય ખેડૂતો, કામદારો, એમએસએમઈ, સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેટર્સ માટે અસંખ્ય તકો પણ ખોલશે અને વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે." ગયા વર્ષે જુલાઈમાં પીએમ મોદીની લંડન મુલાકાત દરમિયાન આ વેપાર સોદાને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. પીએમ મોદીએ જણાવ્યું હતું કે, આ વેપાર સમજૂતી ભારત અને યુકે વચ્ચેના આર્થિક સંબંધોને નોંધપાત્ર ગતિ આપશે. બ્રિટિશ સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આ વેપાર સોદો યુકે અને ભારતના ઉદ્યોગોને અસંખ્ય લાભો પહોંચાડશે, જેમાં વ્હિસ્કી પરની ટેરિફ ૧૫૦ ટકાથી ઘટીને ૪૦ ટકા થઈ જશે, ઓટોમોટિવ્સ પરની જકાત એક ક્વોટા હેઠળ ૧૦૦ ટકાથી ઘટીને ૧૦ ટકા થશે અને કોસ્મેટિક્સ પરની ૨૨ ટકા સુધીની જકાત કાં તો પ્રથમ દિવસથી અથવા તબક્કાવાર રીતે નાબૂદ કરવામાં આવશે.

અમેરિકાએ 'ઇન્ડો-પેસિફિક...

દરમિયાન હિંદ મહાસાગર અને પ્રશાંત સાગર વચ્ચે વધતા જોડાણના મહત્વને ધ્યાનમાં રાખીને આ કમાન્ડનું નામ 'ઇન્ડો-પેસિફિક' કરવામાં આવ્યું હતું. અમેરિકી સત્તાવાળાઓએ સ્પષ્ટ કર્યું છે કે નામ બદલાવા છતાં આ કમાન્ડની ઓપરેશનલ ભૂમિકા, વ્યૂહાત્મક મિશન કે અમેરિકાના પશ્ચિમ કિનારાથી લઈને ભારતની પશ્ચિમી સરહદ સુધીના ભૌગોલિક વિસ્તાર સુધીની તેની જવાબદારીમાં કોઈ ફેરફાર થશે નહીં. આ કમાન્ડ 70 વર્ષથી વધુ સમય સુધી કાર્યરત રહ્યો છે અને તે અમેરિકી સૈન્યના સંયુક્ત કમાન્ડોમાં સૌથી જૂનો અને સૌથી મોટો કમાન્ડ છે. કમાન્ડના નામમાંથી 'ઇન્ડો' શબ્દ હટાવવા અંગે કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે સોશિયલ મીડિયા પર આદેશની નકલ શેર કરતા આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે, 'શું આ ક્વાડના અંતની શરૂઆત છે?' જોકે, અમેરિકી અધિકારીઓ ભારપૂર્વક કહી રહ્યા છે કે આ ફેરફાર માત્ર નામ પૂરતો જ સીમિત છે અને પ્રાદેશિક ભાગીદારો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા યથાવત રહેશે.

બાંગ્લાદેશમાં કટ્ટરપંથીઓની...

વ્યવસ્થા જાળવી રાખવા માટે હાલ પૂરતું આ કામ રોકવાનો નિર્ણય લેવાયો છે, કારણ કે આયોજકોમાં કટ્ટરપંથીઓનો ભારે ડર છે. તાજેતરમાં જ એક ઇસ્લામિક ઉપદેશકનો વીડિયો વાયરલ થયો હતો જેમાં સરકાર દ્વારા આ મૂર્તિને બુલડોઝરથી તોડી પાડવા અથવા સામાન્ય મુસ્લિમો દ્વારા તેને ધ્વસ્ત કરવાની ધમકી અપાઈ હતી. આ વિરોધ પ્રદર્શન દરમિયાન ભગવાન રામની છબીનું અપમાન પણ કરવામાં આવ્યું હતું, જેના વિરોધમાં ઢાકા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ મંગળવારે રાત્રે મશાલ સરઘસ કાઢીને ગુનેગારોની ધરપકડ કરવાની અને પ્રતિમાનું કામ ફરી શરૂ કરવાની માંગ સાથે શાહબાગ ચાર રસ્તા પર ચક્કાજામ કર્યો હતો. આ ઘટનાથી તારિક રહેમાનની સરકાર હેઠળ બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓની ધાર્મિક સ્વતંત્રતા અને સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા થયા છે. એક અહેવાલ મુજબ, આ વર્ષે પહેલી જાન્યુઆરીથી 31 માર્ચની વચ્ચે જ સાંપ્રદાયિક હિંસાની 133 ઘટનાઓ નોંધાઈ છે. દેશનિકાલ કરાયેલાં લેખિકા તસ્લિમા નસરિને પણ આ વિરોધને તાલિબાની માનસિકતા ગણાવીને લઘુમતીઓના અધિકારોની રક્ષા કરવાની અપીલ કરી છે. આ વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં પહેલેથી જ તણાવ ચાલી રહ્યો છે.

દિલ્હી ડાયરી...

તેના ટોચના નેતૃત્વ માટે એક મોટો અવસર છે. વધતા આર્થિક દબાણ અને મોંઘવારી તેમ જ પ્રતિષ્ઠિત સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક સહિતના ગેરવહીવટની ફરિયાદોને ધ્યાનમાં રાખીને તેઓ આ તકનો મહત્તમ લાભ ઉઠાવવામાં કોઈ કસર બાકી રાખશે નહીં.

પંજાબમાં ભાજપનો વધતો પ્રભાવ

પશ્ચિમ બંગાળમાં મળેલી સફળતા બાદ ભારતીય જનતા પાર્ટી (બીજેપી)એ હવે પોતાનું પૂરું ધ્યાન પંજાબ તરફ કેન્દ્રિત કર્યું છે, જ્યાં આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. પક્ષના પ્રથમ શીખ રાજ્ય પ્રમુખ કેવલ સિંહ ઢિલ્લોનની નિમણૂકના બરાબર એક દિવસ પછી પંજાબની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પરિણામોએ ભાજપના કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો છે.

આજનું પંચાંગ

તા. 18/06/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિઃ સુદઃ ચોથ: 19:00 વિનાયક ચતુર્થી
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠઃ 28
યોગ : વ્યાઘાત **કરણઃ** વણિજ
નક્ષત્ર : પુષ્પ: 11:33 પછી જન્મેલાની આશ્લેષાની શાંતિ કરાવવી
રાશિઃ કર્ક (ડ,હ)
દિવસ : સામાન્ય- ગુરુ પુષ્પા અમૃત સિદ્ધિ યોગ- સૂર્યોદય નથી 11:33 સુધી ગુરુ અર્જુન દેવ સહિદદિન
સુરતમાં સૂર્યોદય : 05:59 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:21
નવકારસી : 06:47
પારસી વર્ષ : 1395 બહમન માસનો 08મો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 02જો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાંઃ અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે:- 13:30 થી 15:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): બહારના કામમાં મદદ મળે. નવા કામની તક ઊભી થાય. વડીલોના આરોગ્યની ચિંતા સતાવશે.

વૃષભ (બ,વ,ઉ,): જોખમ ઉઠાવવું નહી. નવી નોકરીની તક ઊભી થાય. મિત્રોની મદદથી મહત્વના કામમાં પ્રગતિ થાય.

મિથુન (ક,છ,ઘ,): ઘરના કામમાં મદદ મળે. મોજશોખ ખાણી-પીણી માર્કેટીંગ જેવા કામમાં અનુકુળતા વધશે.

કર્ક (ડ,હ,): આનંદમય વાતાવરણમાં કામ કરવાની તક ઊભી થાય. બહારના કામમાં મદદ મળે. નોકરીમાં પ્રભાવ વધે.

સિંહ (મ,ટ,): પડવા-વાગવાથી સાવધાન . કોઈના જામિન થવું નહીં. નોકરીમાં હરીફોથી સાવધાન. આરોગ્ય નરમ રહે.

કન્યા (પ,ઠ,ણ,): આવક વધશે. શેર બજારમાં તક મળે. મિત્રોની મદદ ઘરના કામમાં મળે. અભ્યાસમાં પ્રગતિ થાય.

તુલા (ર,ત,): સમાજ, જાહેર જીવનમાં પ્રતિષ્ઠા વધે. નોકરીમાં પ્રભાવ વધે. સ્વતંત્ર ધંધામાં આવક વધે. નવી તક મળે.

વૃશ્ચિક (ન,ય,): ઈન્ટરવ્યુમાં સફળતા મળે. પ્રવાસના કામમાં લાભ થાય. ધાર્મિક પ્રવાસ થાય. બૌદ્ધિક કામમાં યસ મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): સમાજીક સમસ્યાનું સમાધાન થઈ શકે છે. ધર્મકર્મથી શાંતિ મળે. અચાનક નવી તક મળે.

મકર (ખ,જ,): સામાજીક કાર્યક્રમમાં ભાગ લેવાનું બને. ઘરમાં ઉમરલાયકના વિવાહ થાય. રોજની આવકમાં વધારો થાય.

કુંભ (ગ,સ,શ,ષ,): જૂના દર્દો પરેશાન કરશે. આરોગ્યના ખર્ચા વધે. નોકરીમાં ઊપરી વર્ગનો સાથ મળે.

મીન (દ,ચ,ઝ,થ,): જીવન સાથી, સંતાન સાથે મનોરંજન થાય. પ્રેમમાં સાથ મળે. આવક વધે. અભ્યાસમાં પ્રગતિ થાય.

કોઈ પણ સાલમાં 18 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં ચડતી-પડતી ધંધામાં હરીફો વધશે. સમાજમાં સામાન્ય રહે. પરિવારની અપેક્ષા દોડધામ વધારે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આરોગ્ય સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. વિલ-વારસામાં કાયદાકીય પ્રશ્નો સતાવે. ઊંમર લાયકને ભાગ્યનો સાથ મળે. પ્રેમ-વિવાહની શક્યતા રહે. વિદેશના કામ, આયાત-નિકાસ, પ્રવાસ, ઉચ્ચ શિક્ષણ બાબતે મદદ મળે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. મન ઓછું લાગે, નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. જમીન, ખેતીને લગતાં કામ થાય. આધુનિક ટેકનોલોજીમાં લાભ મળે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. સામાજીક કામમાં વડીલોની મદદ મળતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. ખર્ચા-એપ્રિલ-ઓક્ટોબર-નવેમ્બર, મંગળ, ગુરુવાર, 09,18,27 તારીખે નવા કામ કરવાં ડીસેમ્બર-જાન્યુઆરી, બુધ- શનિવાર, 8,17,26 તારીખે નવા કામ ટાળવાં. સફેદ રંગનો ઉપયોગ ટાળવો. મંગળવારના ઉપાય કરવા લાલ રંગ વાપરવો.